# પ્રત્યાયન અને અસરકારક પ્રત્યાયનના સિદ્ધાંતો

ડૉ યોગેશકુમાર આર. પરમાર
એસોસિયેટ પ્રોફેસર,
શ્રીમતી એસ. આઇ. પટેલ ઈપ્કોવાળા
કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ

## ૧. પ્રસ્તાવના

સામાન્ય રીતે વ્યક્તિ હરપળે પોતાના વિચારો, લાગણીઓ, ભાવનાઓ,જરૂરિયાતો, ઇચ્છાઓ વગેરેનું પોતાના સંબંધમાં આવનાર વ્યક્તિઓ સાથે આદાન-પ્રદાન કરે છે. સાદા અર્થમાં આ આદાન-પ્રદાનને પ્રત્યાયન કહે છે. આ આદાન-પ્રદાન શબ્દો, સંકેતો, વાણી-વ્યવહાર કે અન્ય માધ્યમો દ્વારા થાય છે.બધાં જ પ્રાણીઓ પ્રત્યાયન કરે છે. દા.ત.: કૂતરો ભસે એટલે તરત જ બીજો કૂતરો ભસવાનું ચાલું કરે છે.સમાજ એક સંગઠન છે.સંગઠનની સફળતાનો આધાર તેના કાર્યક્ષમ વ્યવસ્થાપન પર આધાર રાખે છે.અને વ્યવસ્થાપનનો આધાર પ્રબંધકના પ્રત્યાયન કૌશલ્ય પર અવલંબે છે. શાળા એક સંગઠન છે. આચાર્ય શાળાનો પ્રબંધક છે, શિક્ષક વર્ગખંડના વ્યવથાપક છે, આથી શાળા કક્ષાએ પણ શિક્ષણ પ્રક્રિયાની અસરકારકતાનો આધાર અચાર્ય અને શિક્ષકના કૌશલ્ય પર છે.

## ૨. અર્થ (સંકલ્પના)

પ્રત્યાયન માટે અંગ્રેજી શબ્દ communication છે, જે લેટીન ભાષામાંથી મળેલો છે.લેટીન ભાષામાં communis શબ્દનો અર્થ 'સમાન' common થાય છે. પ્રત્યાયનમાં પ્રેષક સંદેશો પ્રાપ્ત કરનાર સાથે સમરૂપતા - સમાનતા commonnes એટલે એક સરખો અર્થબોધ સ્થાપિત કરવા પ્રયાસ કરે છે.આમ પ્રત્યાયન એ બે પક્ષો વચ્ચે કોઇ એક વિષય સંબંધમાં એક સરખી સમજ ઉત્પન્ન કરવાની પ્રક્રિયા છે. પ્રત્યાયનમાં સંદેશાની સાથે-સાથે સમજ understanding નો વિનિમય પણ આવશ્યક છે.ઑગડેન અને રિચર્ડ્સને પ્રત્યાનના ત્રાણ અંગો દર્શાવ્યા છે.

- **પ્રેરણ અથવા નિર્દેશન**
  જેમાં વિચારો , સંવેગો ,અર્થઘટનો ,વ્યખ્યાઓ વગેરેનો સમાવેશ થાય છે.
- **વિષયવસ્તુ**
  આ અંગમાં ઘટનાઓ ,વસ્તુઓ કે કોઇ વિષય સમાવિષ્ટ થાય છે.
- **ચિહ્ન-પ્રતીક**
  જેમાં મૌખિક કે અશાબ્દિક પ્રતિકો જેવાં કે શબ્દ, વાણી, અક્ષર , સંકેત, હાવભાવ, શરીરની મુદ્રા વગેરેનો સમાવેશ થાય છે.

## ૩.પ્રત્યાયનની વ્યાખ્યા

- 'સમાન પ્રતિકોના માધ્યમથી માહિતી કે સમજનું સંચરણ એટલે પ્રત્યાયન' - ગિબસન અને ઈવેન્સવિચ
- 'પ્રત્યાયન એ એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને વિચારો અથવા માહિતીના સ્વરૂપે અર્થ પ્રેષિત કરવાની (પહોંચાડવાની) પ્રક્રિયા છે.' - મૅગનસ
- 'પ્રત્યાયન એ વ્યક્તિઓ વચ્ચે અર્થપૂર્ણ આંતર વ્યવહારની પ્રક્રિયા છે.'-મેકફાલેન્ડ
- 'પ્રત્યાયન એ એવી પ્રક્રિયા છે જેમાં સંદેશ અને સમજને એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવે છે.' -કીથ ડેવીસ
- 'પ્રત્યાયન એ બે કે બેથી વધુ વ્યક્તિઓ વચ્ચે હકીકતો , વિચારો, ભાવનાઓનો વિનિમય છે.' - ન્યૂમેનઅને શમર

## ૪.પ્રત્યાયનનું સ્વરૂપ

સાંપ્રત સમયમાં કોઇ પણ પ્રકારના પ્રબંધમાં કે વ્યવસ્થાપનમાં પ્રબંધનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

**'વ્યક્તિ માટે જેટલી આવશ્યકતા રક્તવાહિનીની છે તેટલી જ આવશ્યકતા પ્રબંધ કે વ્યવસાય માટે પ્રત્યાયનની છે.'**


- કીથ દેવીસ

- કોઇ પણ વ્યવસાય કે પ્રબંધની સફળતા માટે પ્રત્યાયનના અભાવમાં કલ્પના કરવી એ માત્ર કોરી કલ્પના જ છે.
- પ્રો. થિયો હેમનના મતે બધાં જ પ્રબંધકીય કાર્યોની સફળતાનો આધાર સફળ પ્રત્યાયન પર નિર્ભર છે.
- પ્રત્યાયન એ પ્રબંધને ગતિશીલતા આપે છે.
- પ્રત્યાયન એ પ્રબંધની સફળતાની ગુરુચાવી છે.
- કોઇ પણ સંસ્થાની સફળનો આધાર તેના સભ્યો વચ્ચેની પરસ્પરની સાચી સમજમાં રહેલો છે, અને પરસ્પરની

સમજનો આધાર એ સભ્યો વચ્ચે થતા પ્રત્યાયનની ગુણવત્તા પર રહેલો છે.

- પ્રબંધકીય કાર્યો ના સફળ અમલીકરણમાં પ્રત્યાયનનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે.
- શાળામાં આચાર્યે ઘણાં પ્રબંધકીય કાર્યો કરવાનાં હોય છે. આચાર્યોની આ કાર્યોની સફળતાનો આધાર અસરકારક પ્રત્યાયન જ છે.
- શિક્ષણ પ્રબંધમાં આયોજન, સંગઠન, સમન્વય, નિર્દેશન અને નિયંત્રણ જેવાં કાર્યો કરવાનાં હોય છેં.તે દરેકની સફળતા પ્રત્યાયન પર નિર્ભર છે.
- પ્રત્યાયન થકી જ પ્રબંધક પોતાની યોજનાની જાણકારી અન્ય કર્મચારીને આપે છે.
- આચાર્ય સંસ્થાના હેતુઓ ,યોજનાઓ,પ્રવિધિઓ અને પ્રણાલીઓનું તેના શિક્ષકગણને સફળ પ્રત્યાયન કરી શકે તો જ સંસ્થા વિકાસ પામે છે.
- સંસ્થાના પ્રભાવશાળી કાર્યની ફલશ્રૃતિ માટે પ્રત્યાયનની અસરકારકતા જવાબદાર છે.
- કાર્યના નિર્દેશન અને નેતૃત્ત્વ માટે પણ પ્રત્યાયનનું મહત્ત્વ છે.
- પ્રત્યાયન એ એક એવી પ્રક્રિયા છે કે જે શાળાની બધી વ્યક્તિઓ વચ્ચે સંબંધ સ્થાપી નિર્ધારિત ઉદ્દેશો અનુસાર શાળાના સંચાલનમાં સહાયરૂપ થાય છે.

**૫. પ્રત્યાયન ચક્ર**




**૬. પ્રત્યાયનના સિદ્ધાંતો**

અસરકારક પ્રત્યાયન માટે નીચે જેવા સિદ્ધાંતો ધ્યાનમાં રાખવા જરૂરી છે. -

- **સ્પષ્ટતા**
  પ્રેષિત કરવાના સંદેશાની ભાષા અને અર્થમાં સ્પષ્ટતા હોવી જોઇએ.
- **પર્યાપ્તતા**
  ખૂબ લાંબા-જટીલ સંદેશા ન મોકલતાં પર્યાપ્ત સ્વરૂપમાં વહન થાય.
- **સંગતતા**
  સૂચનાઓ કે સંદેશા એ પરસ્પર સુસંગત અર્થાત વિરોધી ન હોવા જોઇએ.
- **સમયાનુકૂળતા**
  પ્રત્યાયન સમયાનુકૂળ હોવું જોઇએ. સંદેશો પહોંચાડવામાં થતો વિલંબ પરિણામદાયી બનતો નથી.
- **યોગ્ય પ્રસારણ**
  પ્રત્યેક સૂચના યોગ્ય વ્યક્તિ સુધી યોગ્ય સમયે પહોંચે તે હેતુસર પ્રબંધકે યોગ્ય માધ્યમ પસંદ કરવું જાઇએ.
- **સામન્ય સ્ત્રોત**
  સંદેશો કોઇ ગૂઢ શ્રોત કે માધ્યમ દ્વારા ન મોકલતાં સામાન્ય શ્રોત દ્વારા માકલવો જેથી વિકૃતિ, અશુદ્ધિ કે ગેરસમજ ઉત્પન્ન ન થાય.
- **અભિરૂચિ અને સ્વીકૃતિ**
  પ્રત્યાયનનો મુખ્ય હેતુ સંદેશો પ્રાપ્ત કરનારના મનમાં સંદેશા પ્રત્યે અભિરૂચિ જન્મે અને પરિણામે તેનો સ્વીકાર કરે એ છે. સંદેશાની સ્વીકૃતિ થાય તો અમલીકરણ માટે પ્રેરિત થઇ શકે સંદેશાની ભાષા અને શૈલી એવી હોવી જોઇએ કે જેથી સંદેશાને પ્રાપ્ત કરનાર એનું ઉલ્લંઘન કરવા વિચારે જ નહિ એટલે કે સંદેશાની સ્વીકૃતિ માટે વિવશ બને.

- **સંદેશો પ્રાપ્ત કરનારની સ્થિતિનું જ્ઞાન**
  સંદેશો મોકલનારે સંદેશો પ્રાપ્ત કરનારની યોગ્યતા,શિક્ષણ જ્ઞાન તથા તેની આવશ્યકતાઓ, લાગણીઓ, ભાવનાઓ સામાજિક રીતરિવાજોના પણ ખ્યાલ રાખવો જોઇએ.
- **લચકીલાપણું**
  પ્રત્યાયનમાં જરૂર પડે પરિવર્તનનો અવકાશ હોવો જોઇએ.
- **ભાવનાત્મક અપીલ**
  પ્રત્યાયનમાં માત્ર બૌધિકતા કે નાગરિકતા ન હોતાં ભાવનાત્મક સંમિશ્રણ હોય તો તે વધુ અસરકારક બને છે.
- **વિષયવસ્તુનું જ્ઞાન**
  સંદેશાને વધુ પ્રભાવી બનાવવા સંદેશાની સાથે વિગત (વિષયવસ્તુ)નું વિસ્તૃત અને પૂર્ણ જ્ઞાન હોવું જોઇએ.
- **અનૌપચારકિતા**
  પ્રેષકે ક્યારેક ઔપચારિક સંદેશાની સાથે-સાથે અનૌપચારિક પ્રત્યાયન પણ કરતાં રહેવું જોઇએ. અનૌપચારિક પ્રત્યાયન સરળતાથી થઇ શકે છે અને સ્વીકૃતિ પણ મળે છે
- **પરામર્શન**
  પ્રત્યાયનને પ્રભાવશાળી બનાવવા સંદેશાના પ્રષકે અન્ય સંબંધિત વ્યક્તિઓ સાથે અગાઉથી પરામર્શ કરી તેમની પ્રતિક્રિયાઓ, સલાહ સૂચનો મેળવી લેવાં જોઇએ.
- **યોગ્ય (સમ્યક) શ્રવણ**
  પ્રભાવી પ્રત્યાયન માટે સંદેશાના પ્રેષક અને સંદેશા પ્રાપ્ત કરનાર સારા શ્રોતા હોય એ અપેક્ષિત છે, જેથી પરસ્પરની ભાવનાઓ, હેતુઓને યોગ્ય રીતે બંને પક્ષ સમજી શકશે. પ્રત્યાયન એકતરફી હોય તો એનો હેતુ સફળ થતો નથી.
- **પ્રતિપોષણ**
  સંદેશાના પ્રેષકે સંદેશો મોકલ્યા પછી પ્રાપ્ત કરનારની પ્રતિક્રિયાઓ, વિચારો, સૂચનાઓ, મુશ્કેલીઓ, શંકાઓ વગેરે જાણવાનો પ્રયાસ કરવો જોઇએ, જેથી ઉભય પક્ષે યોગ્ય સમજ પેદા થશે અને પ્રત્યાયનનો હેતુ સિદ્ધ થશે.
- **સમાનુભૂતિ**
  સંદેશાના પ્રેષકે સ્વયં પોતાને સંદેશો પ્રાપ્ત કરનારની સ્થિતિમાં કલ્પી પ્રત્યાયન પ્રક્રિયાનું સંચાલન કરવું જોઇએ. આથી મતઐક્ય અને પરસ્પર સમજ પેદા થાય.
- **હકારાત્મકતા અને વિધાયકતા**
  પ્રત્યાયનની ભાષામાં વિવેક અને હકારાત્મકતા કે વિધાયયકપણું હોવાં જોઇએ. લોકો નકારાત્મક રજૂઆતની અવગણના કરે છે.
- **પ્રત્યાયન અને માહિતી ભિન્ન બાબત છે છતાં પરસ્પરાવલંબી છે.**
- **પ્રત્યાયન અભિવ્યક્ત થવા માટે છે, પ્રભાવ પાડવા માટે નહીં.**